
# ઓફિસની મોહ માયા છોડો સાહેબ, 'જાન હૈ, તો જહાન હૈ'

## મોડાસામાં ૮૯ પર પહોંચ્યો કોરોના, શંકાસ્પદ વ્યક્તિનું મોત થતાં મૃતદેહ કિટ વિના આપી દેવાયો, સંક્રમણનો વધી શકે છે ખતરો

મોડાસા, તા. ૨૧

અરવલ્લી જિલ્લામાં કોરોનાના વધુ ૬ પોઝિટિવક કેસ નોંધાતા જિલ્લામાં કોરોનાનો કુલ આંક ૧૯૩ પર પહોંચ્યો છે. રવિવાર વહેલી સવારે મોડાસા શહેરમાં ૫ તો બાયડના ડેમાઈ ગામે કોરોનાનો ૧ પોઝિટિવ કેસ નોંધાયો છે. મોડાસા શહેરમાં કોરોનાના સૌથી વધારે ૮૯ જ્યારે ગ્રામ્ય વિસ્તારોમાં ૩૧ મળી મોડાસા પંથકમાં કોરોનાના કુલ કેસ ૧૨૦ કેસ નોંધાઈ ચુક્યા છે. અરવલ્લી જિલ્લાના અન્ય તાલુકામાં કોરોનાની વાત કરીએ તો બાયડમાં ૧૬, ભિલોડામાં ૨૦, મેઘરજ ૧૩, ધનસુરા ૨૨, જ્યારે માલપુરમાં ૨ પોઝિટિવ કેસ નોંધાઈ ચુક્યા છે. અત્યાર સુધીમાં કુલ ૧૪ લોકોના મોત થયા છે, તો ૧૩૧ લોકો સ્વસ્થ થતાં તેઓને રજા આપી દેવાઈ છે. હાલ મોડાસા અને વાત્રકની કોવિડ હોસ્પિટલમાં ૪૧ જેટલા દર્દીઓ સારવાર લઈ રહ્યા છે. બંને કોવિડ હોસ્પિટલમાં ફરજ બજાવતા તબીબો અને આરોગ્ય કર્મીઓ કોરોનાના દર્દીઓની સારવાર ખડેપગે જીવના જોખમે કરી રહ્યા છે પરંતુ ગંભીર દર્દીઓ માટે યોગ્ય વ્યવસ્થાના અભાવે લાચારી અનુભવી રહ્યા હોવાનું સૂત્રો પાસેથી માહિતી પ્રાપ્ત થઈ હતી.

અરવલ્લી જિલ્લામાં કોરોનાનો વધતો કહેર જિલ્લાના ભવિષ્ય માટે મોટુ સંકટ લાવી શકે એમ છે, પણ વહીવટી તંત્ર, જિલ્લા પંચાયત કે આરોગ્ય વિભાગને આની પરવા નથી કે શું...? અને જીલ્લાના પ્રજાજનોને ભગવાન ભરોશે છોડી દેવામાં આવ્યા હોય તેવો લોકો અહેસાસ અનુભવી રહ્યા છે. મોડાસા શહેરમાં છેલ્લા કેટલાક દિવસથી કોરોનાનો કહેર દિવસને દિવસે વધી રહ્યો છે, તંત્ર શું કામ કરે છે, તેનો કોઈને ખ્યાલ નથી આવતો, નવો જિલ્લો છે, એટલે નવા અધિકારીઓ મુકી દેવાય છે, પણ તેઓને નવું કંઈ કરવામાં જરાય રસ ન હોય તેવું લાગી રહ્યું છે, વધતા કોરોનાને



કેસને ઓછા કરવા અને લોકોની સારવાર કરવામાં પણ રાજરમત રમી રહ્યા હોય તેવું પણ લાગી રહ્યું છે. કોરોનાના કહેરની શરૂઆત થઈ ત્યારે મોટા દાવાઓ કર્યા હતા તે ક્યાં ગયા, તેની ચર્ચા કરવાનું પણ હવે તેઓ જરૂરી નથી સમજી રહ્યા. ક્યાં ગઈ તમારી હોસ્પિટલ, ક્યાં ગયા તમારા તૈયાર કરેલા આઈશોલેશન વોર્ડ, ક્યાં ગઈ તમે તૈયાર કરેલી સુવિધા, આ અનેક સવાલો લોકોના મનમાં કાંટાની જેમ ખૂંચી રહ્યા છે, પણ સાહેબ તમારી ચેમ્બરમાં આવું પૂછવાની કોઈને હિંમત નથી થતી અને આવે તો કયા મોંઢે આવે કારણ કે, આ તો જિલ્લાની ભોળી જનતા છે, જે હવે કોરોનાનો શિકાર બની રહી છે અને તમે કંઈક કરશો તેવી પણ આશા છોડી દીધી છે.

### ઘોર બેદરકારી ! શંકાસ્પદ વ્યક્તિનું મોત થતાં મૃતદેહ કિટ વિના આપી દેવાયો, સંક્રમણનો વધી શકે છે ખતરો

મોડાસાની ઓધારીનગર સોસાયટીમાં એક શંકાસ્પદ દંપત્તિ બિમાર થાય છે, અને આરોગ્ય વિભાગ તેમના સેમ્પલ લે છે. ૧૮ તારીખે આ દંપત્તિના સેમ્પલ લઈને તપાસ માટે મોકલી અપાય છે. આ વચ્ચે દંપત્તિને સારવાર અર્થે મોડાસાની કોવિડ હોસ્પિટલમાં લઈ જવાયા, પરંતુ પુરૂષની તબિયત વધુ લથડતા તેઓને હિંમતનગર ખાતે લઈ જવાની ફરજ પડે છે, જ્યાં તેમનું મોત થાય છે. ૬૫ વર્ષિય મૃતક વ્યક્તિનો મૃતદેહ કોઈપણ પ્રકારની સુરક્ષા વિના પરિવારને સોંપી દેવાય છે અને મોટી સંખ્યામાં લોકો અંતિમ યાત્રા માટે પહોંચે છે. ૨૧ તારીખે સવારે આરોગ્ય વિભાગ ઓધારીનગર સોસાયટીના આજ ૬૫ વર્ષિય પુરૂષનો કોરોના પોઝિટિવ રીપોર્ટ આવતા અનેક સવાલો ઉભા થઈ રહ્યા છે. અહીં સવાલ લખવાની જરૂર નથી કારણ કે, વહીવટી તંત્ર અને આરોગ્ય વિભાગ ખૂબ જ હોંશિયાર છે. જેઓને સવાલ પૂછ્યા વિના જ ખ્યાલ આવી જાય છે. મોડાસા શહેરમાં આરોગ્ય વિભાગની ઘોર બેદરાકારની કારણે મોડાસા શહેરમાં કોરોનાનો સંક્રમણ ફેલાઈ રહ્યું છે, પણ તંત્ર દ્વારા બેઠકો કરાઈ રહી છે, એટલું જ નહીં માત્ર આંકડાઓ અને કાગળ પર થયેલી કામગીરીને ધ્યાને લેવાઈ રહી છે. જેથી મોડાસાની દુર્દશા આજે જોવા મળી રહી છે.

### કન્ટેન્ટમેન્ટનું કોકડુ

મોડાસા શહેરમાં કોરોનાના વધતા કેસને લઈને કન્ટેન્ટમેન્ટ એરિયા જાહેર કરી દેવામાં આવે છે અને ઉચ્ચ અધિકારીઓ દ્વારા આ વિસ્તારની મુલાકાત લેવામાં આવી રહી છે, ત્યારબાદ કોણે કઈ મુલાકાત લીધી તે કોણ જાણે, કન્ટેન્ટમેન્ટ વિસ્તારની મુલાકાત લીધા બાદ તે વિસ્તારમાં લોકોને ઘણી જ તકલીફ પડી રહી છે પ્રાપ્ત માહિતી મુજબ સ્થાનિક કક્ષાના અધિકારીઓ એવા કન્ટેન્ટમેન્ટ વિસ્તારની મુલાકાત કરાવી રહ્યા છે કે, જ્યાં કોઈ જ હાલાકી ન હોય જેથી સાહેબને ખ્યાલ ન આવે. પણ સાહેબ તમે કન્ટેન્ટમેન્ટ વિસ્તારની મુલાકાત લીધા બાદ રીવ્યુ તો લો, જેથી ખ્યાલ આવે કે, શુ ચાલી રહ્યું છે.કે પછી એકવાર મુલાકાત લેવાઈ ગઈ એટલે બસ, મુલાકાત ચોપડે નોંધાઈ એટલે બહુ થયુ.!!

### દર્દીઓને કેમ લઇ જવાય છે હિંમતનગર

કોરોનાના વધતા કહેરને લઈને જિલ્લાના વાત્રક અને મોડાસા ખાતે એમ બે કોવિડ હોસ્પિટલ બનાવવામાં આવી છે, તો દર્દીઓને હિંમતનગર ખાતે કેમ લઈ જવામાં આવી રહ્યા છે, તેનો તંત્ર પાસે કોઈ જ જવાબ ન હોય તેવું પણ હાલ લોકમુખે ચર્ચાઈ રહ્યું છે. હાલ સિવિલ ન બને તો કાંઈ વાંધો નહીં પણ જે કોવિડ હોસ્પિટલ છે ત્યાં પુરતી સુવિધા અને પૂરતા સ્ટાફની વ્યવસ્થા થાય તો કદાચ દર્દીઓને હિંમતનગર લઈ જવાની જરૂર ન પડે. મોટાભાગે હિંમતનગર રીફર કરાયેલા દર્દીઓના મોત થયા છે તે પણ સત્ય છે. આ માટે તંત્રએ ઊંડો અભ્યાસ કરવાની જરૂર છે.મોડાસા કોવીડ હોસ્પિટલમાં ફિઝિશિયન તબીબની નિમણુંક થતા કોરોનાના દર્દીઓને અને લોકોએ રાહતનો શ્વાસ લીધો છે.

### દાવાઓ ક્યાં ગયા...લોકો તંત્રના બદલે એકબીજાને પૂછી રહ્યા છે

કોરોનાના કહેરની શરૂઆત થઈ ત્યારે જિલ્લામાં આઈસોલેશન વોર્ડની વ્યવસ્થા કરાઈ હતી, તે ક્યાં ગયા, કેમ તે કામ નથી આવી રહ્યા કે શું, શરૂઆતમાં આઈસોલેશન વોર્ડ તૈયાર કર્યા બાદ ડેમોસ્ટ્રેશન પણ જોરશોરથી કરવામાં આવ્યા હતા, તે તમામ આઈસોલેશન વોર્ડને હાલ ઓક્સિજનની જરૂર હોય તેવું લાગી રહ્યું છે.


# વિશ્વના એક માત્ર કુબેર ભંડારી કરનાલી મંદિરના દ્વાર ભક્તો માટે આવતી કાલે ખુલશે

ભિલોડા, તા. ૨૧

વિશ્વના એક માત્ર કુબેર ભંડારી દાદા કરનાલી મંદિરના દ્વાર ભક્તો માટે મંદિર ૨૨ તારીખે



ખુલશે. અંદાજે ત્રણ માસથી વધુ સમયથી અમાસ ભરતા ભાવીક ભક્તો દાદાના દર્શનથી વંચિત હતા તે હવે સોમવારથી કુબેર ભંડારીદાદાના દર્શન કરી શકશે. કોરોના નામની મહામારીએ સમગ્ર વિશ્વમા ફેલાઈ છે ત્યારે ભારત દેશના તમામ ધાર્મિક સ્થળો સરકારની ગાઈડલાઈન પ્રમાણે બંધ રાખવામા આવ્યા હતા, ત્યારે ૮ જુનથી બધા મંદિર ખોલવાના આદેશ બાદ કુબેર ભંડારી ટ્રસ્ટ કરનાલી દ્વારા ભક્તોની સલામતીને ધ્યાનમાં રાખી ૨૨ જુને ખોલવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. અગિયારસના દિવસે ડભોઈ (દર્ભાવતી)ના ધારાસભ્ય શૈલેષભાઈ મહેતાએ મંદિરની મુલાકાત લઈ તમામ સેનેટાઈઝર સ્પ્રે મશીન, થર્મલ સ્ક્રીનીંગ, સીક્યોરીટી વ્યવસ્થાનું ઝીણવટપૂર્વક નિરીક્ષણ કર્યું હતું અને જરુરી સુચનો કર્યા હતા. ધારાસભ્યએ ભક્તોને સુરક્ષા અને ચેપથી મુક્ત રહેવા માટેની તકેદારીઓ ચુસ્ત રીતે પાળી દર્શનનો લાભ લેવા ખાસ અનુરોધ કર્યો હતો. આજરોજ ડભોઈ નાયબ કલેક્ટર હિમાંશુ પરીખે મંદિરની મુલાકાત કરી મંદિરના વ્યવસ્થાપક રજનીભાઈપંડ્યા બાપુ સાથે ચર્ચા કરી માહિતી મેળવી હતી અને મંદિરમા ભક્તો માટે સેનેટાઈઝર સ્પ્રે મશીન, થર્મલ સ્ક્રીનીંગ અને સીક્યોરીટીની જાત તપાસ કરી સંતોષ વ્યક્ત કર્યો હતો. મંદિરના વ્યવસ્થાપક રજનીભાઈ પંડ્યા બાપુ જણાવ્યા અનુસાર ફક્ત દર્શન માટે મંદિર સવારના ૮ થી ૧૨ અને બપોરના એક થી ૫ વાગ્યા સુધી ખુલ્લું રહેશે. અન્ય તમામ બાધા, હોમ હવન યજ્ઞ, પુજાઓની સંકુલમા પ્રતિબંધ મુકવામાં આવ્યો છે સરકારશ્રીની તમામ ગાઈડલાઈનનું પાલન કરવાનું રહેશે તેમજ દર્શનાર્થીઓએ પોતાના પગરખાં પોતાના વાહનમાં ઉતારી મંદિરમાં સેનેટાઈઝ ટનલમાં થઈને પ્રવેશ કરી સેનેટાઈઝર થઈ મંદિરમાં પ્રવેશ કરવાનો રહેશે. મંદિર પરિસરમાં ૫ ફૂટના સોશીયલ ડિસ્ટન્સ પાળવા માટે બનાવેલા ખાનામાં ઉભા રહીને વારાફરતી આગળ વધવુ તેમજ ધક્કામુક્કી કે ગેરશિસ્ત અને ગેર વર્તણૂંક ન કરતા સોશીયલ ડિસ્ટન્સ જાળવીને દર્શન કરવાના રહેશે.



## વર્ષના સૌથી મોટા સૂર્યગ્રહણ સમયે ખુલ્લું રહ્યું શામળાજી મંદિર

૨૧ જુનના રોજ વર્ષનું સૌથી મોટું સૂર્ય ગ્રહણ છે ત્યારે ગ્રહણ સમયે તમામ હિન્દુ મંદિરો બંધ રહેતા હોય છે. ત્યારે સમગ્ર ગુજરાતમાં યાત્રાધામ શામળાજી એક એવું મંદિર છે કે ગ્રહણ સમયે ખુલ્લું રહે છે. રવિવારે ગ્રહણના દિવસે ગ્રહણનો વેધ ચાલુ થાય એ સમયે વહેલા પરોઢે ૪ કલાકે મંદિર ખુલ્યું હતું અને ૫ કલાકે ભગવાનની મંગળા આરતી બાદ ભગવાન કાળીયા ઠાકોરના દર્શનાર્થે ભક્તો પહોંચ્યા હતા. સૂર્યગ્રહણના સમયે સવારે ૯.૧૫ કલાકથી ૩.૦૪ કલાક સુધી મંદિર ચાલુ રાખી મંદિરમાં ખાસ પૂજા વિધિ કરવામાં આવી હતી.